
જન્મશતાબ્દી પુસ્તકમાળા

# ભગવાનને ફોસલાવશો નહિ



ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો- ।
દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર

http://awgp.org

# ભગવાનને ફોસલાવશો નહિ

ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

દેવીઓ તથા ભાઈઓ !

## ભગવાનને આપણે ઘડયા છે

મિત્રો ! ભગવાન માણસ નથી. વળી એ સમજી લો, ભગવાન એક શક્તિનું નામ છે. આ શક્તિને આપણે આપની જરૂરિયાત અનુસાર આપણા ધ્યાનની આવશ્યકતાઓ પૂરી કરવા માટે વ્યક્તિ રૂપે ઘડી લીધી છે. જો દેડકો ભગવાનને બનાવશે, તો દેડકાની રીતે જ બનાવશે અને દેડકા ભગવાનના ભક્ત હશે. આપને ખબર છે કે નહિ, જો ભગવાન દેડકાઓની જમાતમાં જન્મ લે, તો તેઓ દેડકાનો ચહેરો ધારણ કરશે. જો હરણોની દુનિયા હોય અને હરણોએ ભક્તિનો સિદ્ધાંત શીખી લીધો, તો આપ વિશ્વાસ રાખો કે ભગવાન હરણના રૂપમાં આવશે, માણસના રૂપમાં નહિ આવે. જો મચ્છરોની દુનિયા થઈ અને મચ્છરોની દુનિયામાં ભગવાનની ભક્તિનો વિસ્તાર જો ફેલાઈ ગયો તો ? ભગવાન શું માણસના રૂપમાં આવશે ? ના, માણસના રૂપ નહિ, મચ્છરના રૂપમાં આવશે. કારણ કે એ જીવ, એ પ્રાણી જે સ્તરના છે, એ જ સ્તરના ભગવાનને ઘડી લેશે. ઘડી લે છે ? અરે બાબા, સાંભળે છે કે નહિ, ઘડી લે છે. આપણે ભગવાનને ઘડેલા છે. શેના ઘડેલા છે? આપણે ભગવાનને ઘડેલા છે. શેના ઘડેલા છે? આપણા ધ્યાનની, ધારણાની, ભાવનાની પરિપુષ્ટિ માટે આપણે ભગવાનને ઘડયા છે.અ તો શું ભગવાનને ચહેરો નથી હોતો ? ના, ભગવાનને ચહેરો હોઈ શકતો નથી.

સાથી !અ જેનો કોઈ ચહેરો હોઈ શકતો નથી, તેને આપ કઈ ચીજ ખવડાવશો ? અરે સાહેબ ! અમે તો ચંદન ચઢાવીશું, અક્ષત ચઢાવીશું..... શું ચઢાવશો અને ક્યાં ચઢાવશો ? ચંદન ચઢાવવાથી, અક્ષત ચઢાવવાથી, ચીજ ખવડાવવાથી, તેની પ્રશંસા કરવાથી તે શું પ્રસન્ન થઈ જશે ?

બેટા, એ ચીજો બાળકોને શોભે. ના સાહેબ !અ અમે આપની પ્રશંસા કરીશું. આ પ્રશંસાવાળી વાતાથી મને એક વાર્તા યાદ આવી ગઈ. ગધેડા અને ઊંટ બંનેનાં લગ્નમાં ગધેડો ગયો. તેણે કહ્યું, 'અહો રૂપમ્' અર્થાત્ રૂપ તો બસ આપનું જ. આપના જેવું સુંદર રૂપ તો બીજા કોઈનું છે જ નહિ. કોના રૂપની વાત થઈ રહી છે ? ઊંટના, આપનો ચહેરો ભગવાને જેવો બનાવ્યો છે તેવા જ આપ છો. જ્યારે ઊંટ ગધેડાના લગ્નમાં ગયું તો તેણે કહ્યું, 'અહો ધ્વનિ' અર્થાત્ આપના જેવો ધ્વનિ તો બસ એક કોયલનો છે અને એક આપનો છે. કોનો ? ગધેડાનો. પરસ્પરની આ પ્રશંસા કોની છે ? આપની આપ કહો છો હે ભગવાન ! આપ આવા છો અને ભગતજી, આપ બહુ સારા છો. ભગતજી આપ તો આપ જ છો. આપે કહ્યું કે ભગવાનજી આપ તો આપ જ છો. પ્રશંસાના સહારે, જીભના ટેરવાના સહારે, મંત્રોના સહારે, અક્ષરોના ઉચ્ચારણના સહારે, આપ ભગવાન પાસે બધું જ મેળવી લેવા માગો છો.

### કિંમત ચૂકવો, યોગ અને તપ દ્વારા

મિત્રો ! આપવા માટે આ સહારો નથી. અમૂલ્ય ચીજ મેળવવા માટે માણસે તેની કિંમત ચૂકવવી જોઈએ. ભક્તિનો ચમત્કાર ક્યારેય આપે સાંભળ્યો છે ?

આપે ભક્તિનો ચમત્કાર જોયો છે ? નથી આપે જોયો, નથી આપે સાંભળ્યો. આપે તો ફકત વાર્તાઓ સાંભળી છે. ભકિતનો ચમત્કાર અને ભક્તિનો સિદ્ધાંત સાંભળ્યો હોય, તો આપે ધ્યાન રાખવું પડશે કે ભક્તના જીવનમાં, ભકિત જીવનનું અંગ હોય છે, ભક્તિ પૂજા સુધી સીમિત નથી રહેતી, તે જીવનનું અંગ હોય છે. ભકિત જીવનનું અંગ કેવી રીતે બની શકે છે, તે હું કાલે બતાવી રહ્યો હતો.

વ્યક્તિત્વનું સંશોધન કરવા માટે તેણે બે કામ કરવા પડશે. એમાં તેણે ચોવીસ કલાક પોતે પોતાની ધોલાઈ અને સફાઈ કરવી પડે છે. પોતાની ગંદકીને દૂર કરવા માટે પોતાની ઉપર દંડો લઈને એ એવી રીતે સવાર થઈ જાય છે. પોતાની અવાંછનીયતા અને અનૈતિકતાને દૂર કરવા માટે માણસે એટલું જાગૃત, એટલું સતર્ક અને એટલું સશક્ત રહેવું પડે છે.

તપશ્ચર્યા એનું જ નામ છે. ભગવાનને મેળવવાની એક રીતનું નામ છે – તપ અને બીજી છે -યોગ. તપ કોને કહે છે જીવનના સંશોધનનું નામ છે – તપ, જે કાલે હું આપને બતાવી ચૂકયો છું.

## મેળવી દેવું અર્થાત્ યોગ

સાથીઓ ! કાલે હું શું કહી રહ્યો હતો ? તપની વ્યાખ્યા કરી રહ્યો હતો. આજે આપ શું કરી રહ્યો છો ? આજે હું યોગની વ્યાખ્યા કરી રહ્યો છું, કારણ કે ભગવાનને મેળવવાની ફકત બે જ રીતે છે. ત્રીજી રીત આજ સુધી થઈ નથી કે ક્યારેય થઈ શકશે નહિ. યોગ શું હોય છે ?

બેટા ! ભેળવી દેવાનું, મેળવી દેવાનું નામ યોગ છે. જ્યારે આપણે કોઈની સાથે કોઈને ભેળવી દઈએ છીએ તો યોગ થઈ જાય છે. જ્યારે પત્ની પોતાની જાતને પતિમાં મેળવી દે છે, તો પતિની દોલતની સ્વામિની બની જાય છે. પુરુષના કુળની સ્વામિની બની જાય છે. જ્યારે તે પોતાની જાતને ભેળવી દે છે, તો પતિની સંપત્તિ પર અધિકાર જમાવી દે છે. ટીપું જ્યારે પોતાની જાતને સમુદ્રમાં ભેળવી દે છે, તો સમગ્ર સાગર પર અધિકાર જમાવી દે છે. નાળું પોતાની જાતને નદીમાં ભેળવી દે છે, તો નદી બની જાય છે. જ્યારે આપ આપની જાતને ભગવાનમાં ભેળવી દો છો, તો ભગવાન બની જાવ છો, દેવતા બની જાવ છો, ઋષિ બની જાવ છો, મહાપુરુષ બની જાવ છો, સિદ્ધ પુરુષ બની જાવ છો, ચમત્કારી બની જાવ છો. શરત એટલી જ કે આપ આપની જાતને ભેળવી દો. ભેળવી દેવાની રીત કઈ છે ? યોગ છે. યોગ કોને કહે છે ?

બેટા ! ભેળવી દેવાને યોગ કહે છે. ભેળવી દેવાનું કોને કહે છે ? ભેળવી દેવું એ છે કે માણસ પોતાના અસ્તિત્વને ભગવાનને સોંપી દે છે. સોંપી દેવાનો મતલબ એ નથી, જે આપ વારંવાર કહેતા રહો છો. એક દિવસ અમે આપને એમ કહેતાં સાંભળ્યા હતા કે “સૌપ દિયા સબ ભાર, ભગવાન તુમ્હારે હાથો મેં ” અરે જાલિમ ! જીભ બંધ કર તારી. શું કહી રહ્યો છો ? એનો શું અર્થ છે એ ખબર છે ? ના મહારાજજી ! ભગવાનને અર્થ સાથે શું લેવા દેવા ? જે અમે કહીશું, તે તે સમજી જશે.

ના બેટા ! ભગવાન બહુ બુદ્ધિશાળી માણસનું નામ છે. જે આપ જીભથી કહો છો, તેને તે સમજતા નથી. જે આપ દિલથી કહો છો, જે આપનો ઈમાન કહે છે, તેને તે સમજે છે. આપની જીભની કિંમત કેટલી ? બે કોડીની. આખો દિવસ જૂઠ નેતાજી મત માગવા આવે છે. આખો દિવસ જૂઠુ બોલે છે. કેમ સાહેબ ! આપ અમારી પાર્ટીને મત આપશો ને ? હા, હા, આપની પાર્ટીને આપીશું. કઈ પાર્ટી છે આપની ? આપે પહેલાં જ કહી દીધું હતું કે કોંગ્રેસને મત આપીશું. અરે સાહેબ ! ધ્યાન રહ્યું. આપ તો જનસંઘવાળા દેખાવ છો, પણ એ તો ખતમ થઈ ગયો. તો હવે કઈ પાર્ટીના છો ? જનતા પાર્ટીવાળા છીએ. ઠીક છે. તો અમે પણ જનતા પાર્ટીના છીએ. આપ પણ જનતા અને અમે પણ જનતા. હા, ઠીક વાત છે. હવે કોણ આવી ગયા ? કોને મત આપશો ? આપની પાર્ટીને આપીશું. આપની પાર્ટી કઈ છે ? જે હશે તે, અમે મત આપી દઈશું. ના સાહેબ ! આપ બતાવો તો ખરા કે આપની કઈ પાર્ટી છે ? ભાઈ અમે તો છીએ-હળધર-કિસાન પાર્ટીના. ઠીક છે, આપ પણ હળ ચલાવો છો, અમે પણ હળ ચલાવીએ છીએ. આપને જ મત આપીશું. ત્યારપછી આ કોણ આવી ગયા ? ગાય-વાછરડાંવાળા. અરે ભાઈ ! કોને મત આપશો? જે આપની પાર્ટી હશે એને મત આપીશું. ગાયનું દુધ અમારાં બાળકો પીશે અને બળદને અમે ખેતરમાં ચલાવીશું. આપની અને અમારી પાર્ટી એક છે. અમે આપને જ મત આપીશું. આખો દિવસ નેતાઓની જેમ આપ જૂઠનો ઉપયોગ કરતા રહો છો.

### જીભથી ભગવાનને ન બહેકાવો

મિત્રો ! આ રીતે આપ ભગવાન માટે પણ જૂઠનો ઉપયોગ કરતા રહો છો અને કહો છો કે હે ભગવાન ! અમે આપના શરણે આવી ગયા છીએ. આપનાં ચરણોમાં આવી ગયા છીએ. અરે મૂર્ખ, નકામી બકબક ન કર, કોઈ સાંભળી લેશે. ભગવાનને બહેકાવ નહિ, કે અમે આપના શરણે આવી ગયા છીએ. અમે આપના ભક્ત છીએ, અમે આપના સેવક છીએ. તારી જીભને કાબૂમાં રાખ અને એ જાણી લે કે તું શું કરી રહ્યો છે અને કહી રહ્યો છે. એનો શું અર્થ થાય છે એની પણ તને ખબર છે ? આ જે તું કહી રહ્યો છે, તેનો અમલ કેવી રીતે કરી શકાય તે પણ તને ખબર છે ? ના સાહેબ ! મને શું ખબર ? મેં તો જીભથી કહી દીધું.

એક પંડિતજીએ કહ્યું હતું કે આમ કહેતો રહે જે  તો ભગવાન સમજી જશે અને અમે જીભથી ભગવાનને કહેવા લાગ્યા. જીભથી ભગવાનને બહેકાવો નહિ.

### ભક્તોનો ઇતિહાસ

મિત્રો ! શું કરવું પડશે ? આપ ભગવાનનો પ્રેમ મેળવવા માટે, ભગવાનની કૃપા પામવા માટે, ભગવાનની સહાયતા મેળવવા માટે આપે એક કામ કરવું જોઈએ અને એ છે – ભગવાનની ઇચ્છા પૂરી કરો. કઈ ઇચ્છા પૂરી કરીએ ? લોકમંગલ માટે. લોકમંગલ માટે, લોકહિત માટે, જનકલ્યાણ માટે, પ્રાચીનકાળના ભક્તોનો ઇતિહાસ જુઓ કે પ્રત્યેક ભક્તના જીવનમાં પરમાર્થ-પરાયણતા જોડાયેલી છે. આપને તો ખબર નથી. આપ તો એમ સમજી બેઠાં છો કે જે પૂજાની ઓરડીમાં જઈને બેસી રહે છે તેને ભક્ત કહે છે. કોણ જાણે કોણે આપને બહેકાવી દીધા છે ! ચાલો, હું આપને ભક્તોનો  ઇતિહાસ બતાવું છું. વિવેકાનંદનો ઇતિહાસ જુઓ. બે કલાક ધ્યાન કરતા હતા અને આખું જીવન એમણે લોકમંગલમાં ખપાવી દીધું. ભગવાન બુદ્ધનો ઇતિહાસ જુઓ. આખું જીવન એમણે શું શું કર્યું ? શંકરાચાર્યનો ઇતિહાસ જુઓ કે એમણે જીવનભર શું કર્યું ? ઋષિઓમાંના પ્રત્યેકનો ઇતિહાસ જુઓ, નાગાર્જુનનો ઇતિહાસ જુઓ, ચાણક્યનો ઇતિહાસ જુઓ, ચરકનો ઇતિહાસ જુઓ, વાગ્ભટ્ટનો ઇતિહાસ જુઓ, વ્યાસનો ઇતિહાસ જુઓ, ઋષિઓમાંના પ્રત્યેકનો ઇતિહાસ જુઓ. થોડા સમય સુધી તેઓ રામના લેતા રહેતા હશે, હું એમ તો નથી કહેતો કે એમણે રામનું નામ નહિ લીધું હોય અને ગીતા, રામાયણ એમણે નહિ વાંચ્યાં હોય. પોતાનું સંશોધન કરવા માટે જરૂર વાંચ્યાં હશે,પણ બાકીના સમયમાં ભગવાનનાં કામ કર્યાં છે, લોકહિતનાં કામ કર્યાં છે, પરમાર્થનાં કામ કર્યાં છે, જનકલ્યાણનાં કામ કર્યાં છે. આપની સામે તો જ્યારે જનકલ્યાણનાં કામ આવે છે, પરમાર્થનાં કામ આવે છે, તો આપ અંગૂઠો બતાવો છો અને કહો છો કે ભક્તિ અમારી અંદર આવી ગઈ.

### ભગવાન બે રૂપે આવે છે

બેટા ! ભક્તિ જ્યારે આવે છે, તો કરુણા લઈને આવે છે. જ્યારે તે કરુણા લઈને આવે છે, તો માણસ બીજાને મદદ કર્યા વિના,

સત્પ્રવૃત્તિઓનાં સંવર્ધનમાં યોગદાન આપ્યા વિના રહી શકતો નથી. માણસની અંદર જ્યારે કરુણા આવશે, તો તે વિખેરાતી જશે. ભગવાન જ્યારે મનુષ્યનાં અંતરમાં આવે છે, તો સંગ્રહી વિલાસીના રૂપમાં આવતા નથી. વાસનાના રૂપમાં આવતા નથી. કેવી રીતે આવે છે ભગવાન ?

અરે સાહેબ ! ભગવાન રાત્રે આવે છે અને સપનામાં આવે છે. વાંસળી વગાડતા આવે છે, ઘોડા પર સવાર થઈને આવે છે, બળદ પર સવાર થઈને આવે છે, નકામી પાગલ જેવી વાતો કરવાનું બંધ કરો. ભગવાન એ રીતે આવતા નથી. આપ સમજતા કેમ નથી? ભગવાન કોઈની ભીતર આવે છે તો બે રીતે આવે છે. એક તો તેઓ એ રીતે આવે છે કે માણસને આત્મસંશોધન માટે મજબૂર કરી દે છે.

ભગવાન જ્યારે આવે છે તો માણસને પોતાની સમીક્ષા કરવા માટે, પોતાના દોષ અને દુર્ગુણોને જોવા મટો, પોતાની જાતને શ્રેષ્ઠતમ બનાવવા માટે વિવશ કરી દે છે અને નિરંતર એમ કહેતા રહે છે કે તારી જાતને ધો, તારી જાતને સાફ કર, તારી જાતને ઉજ્જ્વળ બનાવ, જેથી હું તને ખોળામાં લેવા માટે સમર્થ બની શકું. ચાલો, એક ઉદાહરણ આપીને આપને સમજાવું છું. એક બાળકે કહ્યું કે અ-મમ્મી ! મને ખોળામાં બેસાડી દે." મમ્મીએ કહ્યું, "બેટા ! થોડી રાહ જોવી પડશે." " શું કામ ! " " તે ટટ્ટી કરી છે અને જો તેં એમાં હાથ નાંખ્યા છે અને કપડાં ગંદાં કર્યાં છે." " ના મમ્મી ! મને ખોળામાં લઈ લે." "ના બેટા ! તારે થોડી રાહ જોવી જ પડશે." મારે ક્યાં સુધી રાહ જોવી પડશે મમ્મી ? જયાં સુધી તારા કપડાં ધોવાય નહિ, તારુ શરીર ધોવાય નહિ ત્યાં સુધી તારે રાહ જોવી પડશે. જયાં સુધી તને સાફ નહિ કરી દઉં ત્યાં સુધી હું ખોળામાં નહિ બેસાડું." "ના મમ્મી ! ખોળામાં લઈ લે. તું તો મારી મમ્મી છે." " હા બેટા ! મમ્મી છું, પણ હમણાં ખોળામાં નહિ લઉં.

### ભજન – જીવનની એક પદ્ધતિ

બાળકો અમને પ્રાણથીય વધારે પ્રિય લાગે છે પણ આપ ખોળામાં ચઢવા માટે એ પહેલાં હક્કદાર બની શકતા નથી. ક્યાં સુધી ? જયાં સુધી આપે આપની જાતને ધોઈ નથી. આટલી મોટી વાત આપ કેમ સમજતા નથી ?

આપે આટલી મોટી વાત સમજવાનો ઇન્કાર શું કામ કરી દીધો ? ના સાહેબ ! ભગવાન ખોળામાં લઈ લેશે, કઈ કિંમતે ભગવાન ખોળામાં લઈ લેશે. એ તો જરા બતાવ ? ભજનની કિંમત પર લઈ લેશે. ભજન શું હોય છે. બકવાસને ભજન કહે છે ? અક્ષરોના ઉચ્ચારણને ભજન કહે છે ? અક્ષરોના ઉચ્ચારણને ભજન કોણે કહ્યું હતું ? ભજનમાં અક્ષરોના ઉચ્ચારણનો સમાવેશ થાય છે, પરંતુ અક્ષરોના ઉચ્ચારણ સુધી ભજનને આપણે સીધા બદ્ધ કરી શકતા નથી. ભજન જીવનની એક પદ્ધતિ છે, આધ્યાત્મિક જીવનની એક શૈલી છે, જીવનયાપન કરવાનું એક વિધાન છે. એમાં બે વાત અનિવાર્યપણ જોડાયેલી હોય છે. એક માણસના વ્યક્તિગત જીવનનું સંશોધન અનિવાર્યપણે જોડાયેલું હોય છે અને બીજું – લોકહિત જોડાયેલું હોય છે. પ્રાચીનકાળના પ્રત્યેક ઋષિનું ઉદાહરણ આપ સાંભળો. ભગીરથથી માડીને એક પણ માણસ એવો બતાવો, જેણે લોકહિત માટે, પરમાર્થ પ્રયોજનો માટે આપની જેમ અંગૂઠો બતાવ્યો હોય, જયાં એવા બહાનાં બતાવ્યાં હોય કે અમને પરમાર્થ માટે ટાઈમ નથી મળતો, પરમાર્થ માટે અમને ફુરસદ નથી, અમે વ્યસ્ત રહીએ છીએ, અમારે આર્થિક તંગી છે, અમારું મગજ ફરી નથી ગયું, અમારું મન નથી લાગતું. આપ હંમેશા નવ્વાણું બહાનાં બતાવવા રહો છો. જયાં ભગવાનની અપેક્ષા છે, જયાં ભગવાન આપની પાસે માગે છે, ત્યાં આપ અંગૂઠો બતાવતા રહો છો. ભક્ત આવા હોય છે ? ના, ફકત આવા નથી હોતા. બગદાદની જમીલા

મિત્રો ! ભક્ત વજનદાર હોય છે. ભારે ધરખમ હોય છે. ભક્ત દયાળુ હોય છે અને ભગવાનની દુનિયાનો ખ્યાલ રો છે. કેવી રીતે ધ્યાન રાખે છે ? બેટા, આ સંદર્ભમાં હું આપને દ્રૌપદી જેવી એક બીજી ઘટના સંભળાવવા માગું છું. ઘટના બગદાદની છે. બગદાદની જમીલાએ પોતાની જીવનભરની કમાણીના પૈસા જમા કરીને રાખ્યા હતા કે હું પણ કાબા જઈશ. મુસલમાન ધર્મમાં એ વાત લખેલી છે કે માણસે કોશિશ કરવી જોઈએ કે એક વાર તે હજ કરવા માટે કાબા જરૂર જાય. જમીલાએ કુરાનમાં વાંચ્યું એટલે તેણે પોતાના પૈસા બચાવીને રાખ્યા હતા કે જ્યારે મોકો મળશે, તો હું પણ ત્યાં જઈશ અને એક વાર હજ કરીશ. પૈસા હતા, તૈયારી પણ થઈ ગઈ હતી, પરંતુ એ વર્ષે શું થયું ?

એ વર્ષે સર્વત્ર ભયંકર દુષ્કાળ પડયો. માણસો ભૂખે મરવા લાગ્યાં, બાળકો ભૂખે મરવા લાગ્યાં, પાઈ પાઈ માટે ત્રાહિ ત્રાહિ થવા લાગ્યું. સૌ તડપવા લાગ્યાં. ક્યાંય દવાની વ્યવસ્થા નહિ, બાળકો માટે દૂધની ક્યાંય વ્યવસ્થા રહી નહિ. કાબા – હજ જવા માટે જમીલાએ જે પૈસા બચાવી રાખ્યા હતા, એ બધા તેણે એ કામમાં વાપરી નાંખ્યા. તેણે કહ્યું કે આ બાળકોએ જીવતાં રહેવું જોઈએ. બાળકોનું જીવન બચાવવા માટે મારે મારા પૈસા ખર્ચી નાંખવા જોઈએ. તેણે હજયાત્રાએ જવા માટે જે કાંઈ પૈસા બચાવી રાખ્યા હતા તે તમામ તેણે આમાં ખર્ચી નાંખ્યા. લોકોએ પૂછયું કે આપ હજયાત્રાએ કેવી રીતે જશો? તેણે કહ્યું કે હવે તો હું કેવી રીત જઈ શકું ?હજ માટેનું ભાડું ક્યાંથી લાવીશ ? હવે મારે માટે હજ જવાનું મુશ્કેલ છે. આ કોણ કહી રહ્યું છે ? બગદાદની જમીલા કહી રહી છે.

## જમીલાની હજ કબૂલ થઈ

ખુદાબંદ કરીમને ત્યાં બેઠક મળી. દર વર્ષે ખુદાબંદ કરીમ કાબા જનારાઓમાંથી કેટલાક માણસોની હજયાત્રા કબુલ કરતા હતા. બાકીનાની નાકબૂલ કરી દેતા હતા જેટલા લોકો હજ કરવા જતા હતા, તે બધાની યાત્રા કબૂલ થતી નહોતી. આપ પણ ધ્યાન રાખજો. ભગવાન આપનામાંના દરેકની તીર્થયાત્રા કબૂલ રાખતા નથી. આપે તીર્થયાત્રા કરી લીધી, આપની મરજી. આપે અરજી કરી દીધી, હવે કબૂલ કરવી – ન કરવી એ એની મરજી છે કે કોની કબૂલ થશે અને કોની નહિ થાય ? કબૂલ થવી અલગ વાત છે અને કરવી અલગ વાત છે. બંને વાત એક હોઈ શકતી નથી. આપે કરી દીધી અને એ કબૂલ થઈ જશે એમ પણ બની શકતું નથી. અરજીઓ કેટલીક જાય છે. એમાંથી સિલેક્શન કોઈક કોઈકનું થાય છે. દરેકનું સિલેક્શન થઈ શકતું નથી. એટલાં માટે શું થયું ? ખુદાબંદ કરીમને ત્યાં જ્યારે બેઠક મળી, તો તેમાં એ શોધવામાં આવ્યું કે આ વખતે કોની કોની યાત્રા કબૂલ થઈ ? ફિરશ્તાઓ બેઠાં હતા. તેમણે જણાવ્યું કે ખુદાબંદ કરીમને ત્યાં આજની બેઠકમાં આ વર્ષે ફકત એક માણસની હજ કબૂલ કરી અને બાકીનાની નાકબૂલ કરી દીધી. કોની કબૂલ કરી ? તેનું નામ હતું – જમીલા.

તેના પર બાકીના ફિરશ્તાઓએ વિરોધ નોંધાવ્યો. જિબ્રાઇલ કહેવા લાગ્યો કે હુજુર ! જમીલાને અમે જોઈ નથી. અમે તો કાબાના દરવાજા પર જ ચોકીદાર કરતા હતા અને અમારી પાસે બધા જ લોકોનાં નામ નોંધાયેલાં છે, પરંતુ જમીલાનું તો ક્યાંય નામ પણ નથી.અ ાપે જમીલાની હજ કેવી રીતે કબુલ કરી દીધી, તે તો ગઈ પણ નથી ? ખુદાબંદ કરીમે કહ્યું, ” અમારી દૃષ્ટિએ જે હજ છે, તે ઈમાન દ્વારા થવી જોઈએ, પગ દ્વારા નહિ.” પગ દ્વારા તો પોસ્ટમૅન પણ ઘૂમી શકે છે. ગોવાળિયાઓ આખો દિવસ ઘૂમતા રહે છે. ભિખારી પણ ઘૂમતા રહે છે. ઘૂમવાથી શું થઈ શકે છે? ઘૂમવાથી જંઈ જ થતું નથી. અમે કબૂલ કરી લીધી. કોની હજ કબૂલ કરી લીધી ? જમીલાની.

### આત્મશોધનનું મહત્વ સમજો

સાથીઓ ! હું શું કહી રહ્યો હતો ? હું એમ કહી રહ્યો હતો કે જો આપ આપના જીવનમાં ભજન મૂલ્ય સમજતા હો, જો ભગવાનનું મૂલ્ય સમજતા હો અને એમ સમજતા હો કે આનો અમારા જીવન સાથે સંબંધ છે અને ભજને અમારા જીવનમાં પ્રવેશ કરવાનો છે, તો પછી હું આપને વારંવાર એ પ્રાર્થના કરીશ કે જીવનનું ચોથું ચરણ, જે પ્રત્યેક્ષપકે ભગવાન સાથે સંબંધ ધરાવે છે, તેનો આદુપયોગ કરો. તેનાથી ઓછી કિંમતમાં ભગવાન પ્રસન્ન થતા નથી અને ભગવાનને એનાથી વધારે કિંમત કોઈ ચૂકવે એવી અપેક્ષા નથી.

આપ વધારે કિંમત શું કામ ચૂકવશો ? આપે તો એક ભૂલ કરી નાંખી છે. આપે ભજનને એક હિસ્સો પકડી લીધો છે. ઈશ્વર પ્રાપ્તિના એક હિસ્સામાં તે પણ એક હિસ્સો છે. આપે સૌથી સરળ એવો એક પોઇન્ટ પકડી લીધો છે, જેમાં “હર્ રલગે ન ફિટકરી, રંગ ચોખા હો જાયે: ” આપે રંગ ચોખાવાળું ભજન પકડી લીધું છે. શું ભજન સિવાય બીજું કંઈ જ નથી ? શું જીવનનું સંશોધન અને આત્મસંશોધન કઈ નથી ? પોતાની જાતનો સુધાર થઈ નથી ?

સ્વાધ્યાયની, સંયમની શું જરૂર હોઈ શકે ? અરે સાહેબ ! મોટી મુશ્કેલી આવી જશે. અમે અમારા મન ઉપર, વિચારો ઉપર કેવી રીતે નિયંત્રણ કરી શકીશું,

કેવી રીતે સંયમ કેળવી શકીશું ? આ તો બહુ મુશ્કેલ છે. તો શું કરીશું ? બસ, એ જ સૌથી સરળવાળો હિસ્સો પકડી લીધો છે. એ ભૂલી ગયા કે ઉપાસના ચાર ચરણોવાળી હોય છે. .ઉપાસનાનું સંવર્ધન કરવા માટે, ઉપાસનાને પરિપકવ કરવા માટે, ઉપાસનાને મજબૂત બનાવવા માટે, ઉપાસનાને સામર્થ્યવાન, સિદ્ધ અને ચમત્કારી બનાવવા માટે આ ચાર ચીજોની જરૂર હોય છે. એ હું કાલે બતાવી ચૂકયો હતો. હવે હું આપની સમજદારી વિશે શું કહું !

### આપ પણ એ જાટ જેવા છો

મિત્રો ! આપની સમજદારી તો મને એવી લાગે છે, જેમ કે – રાજસ્થાનનો એક જાટ હતો. તેની સમજદારી જેવી જ આપની સમજદારી છે. એની સમજદારી કેવી હતી ? રાજસ્થાનનો એક જાટ મેળામાં ગયો. ત્યાં ખૂબ આકરો તડકો પડી રહ્યો હતો. રાજસ્થાનમાં તડકો અત્યંત પડે છે. ક્યાંય કોઈ છાયા પણ નહોતી, ક્યાંય વૃક્ષ પણ નહોતાં, જયાં મેળો ભરાયો હતો, ત્યાં રણ હતું. તેણે બૂમ પાડી અને લોકોને કહ્યું કે મારી પાસે એક ખાટ વેચવાની છે. ખાટ એટલે ખાટલો. લોકોએ વિચાર્યું કે ગરમ રેતીમાં જયાં પગ બળે છે, ત્યાં જો ખાટ મળી જાય તો રાત્રે તેના પર સૂઈ જઈશું અને દિવસે તેને ઊભી કરીને તેના છાયામાં બેસી રહીશું.

જાટે બૂમો પાડવાનું શરૂ કરી દીધું કે મારી પાસે ખાટ વેચવાની છે. લોકોએ કહ્યું કે ક્યાં છે ખાટ અને એની કિંમત શું છે ? કિંમત પણ બહુ ઓછી બતાવી દીધી. એણે કહી દીધું કે બે રૂપિયાની ખાટ છે. બે રૂપિયાની ખાટ છે, બે રૂપિયાની ખાટ છે , તો અમે તરત જ લઈ લઈશું. એ બૂમો પાડતો રહ્યો કે ખાટ વેચવાની છે.... લોકોએ કહ્યું કે આપી દો અમને. અમે આપને બે રૂપિયા આપી દઈએ છીએ. લો આ બે રૂપિયા. સારું તો આપ એવું કરો કે જે જે ખરીદનાર છે તે ત્યાં ઝાડ પાસે પહોંચી જાવ, ત્યાં હું આપને ખાટ આપીશ. એમાં જે ખામી છે, એ આપ જોઈ લેજો પછી ખાટ ખરીદી લેજો. ઘણા બધા લોકો આવી ગયા. સારું, આપ સૌ બેસી જાવ. હવે હું ખાટના ગુણ દોષ જણાવું છું, પછી આપ લેજો. બે રૂપિયામાં ક્યાંય ખાટ મળતી નથી. આમાં કેટલીક ખામીઓ છે, એટલે સસ્તામાં આપી રહ્યો છું.

પહેલાં આપ સાંભળી લો, પછી લેવી હોય તો લેજો. નહિતર ન લેતા. શાંતિથી બધા બેસી ગયા. તેણે કહ્યું ખાટમાં થોડીક ખામી છે, ત્રણ પાયા નથી. એમાં બે ઈસ નથી. બે પાટડા નથી અને બીજી કઈ ખામી છે ? હા, થોડીક ખામી બીજી રહી ગઈ છે આમાં. વચ્ચેની પાટી ભરેલી નથી. વચમાં જે સીંદરી વણવામાં આવે છે તેને દેશી ભાષામાં પાટી કહેવામાં આવે છે. બે ઈસ નથી, ત્રણ પાયા નથી, બે પાટડા નથી, વચ્ચેની પાટી નથી, તો પછી છે શું એમાં ? એણે થેલામાંથી એક પાયો કાઢીને બતાવ્યો અને કહ્યું કે આ લઈ જાવ. લોકોએ કહ્યું – ઉત્ તેરે કી. આનું અમે શું કરીશું ?

### આપ કેવળ માળાનો આશરો લઈને બેઠાં છો.

મિત્રો ! આ કોની વાર્તા છે ? આપની વાર્તા છે. આપ કોણ છો ? આપ તો અક્કલ વિનાના જાટ છો. જે એક પાયાની ખાટ લઈને ફરે છે. ખાટ એટલે માળા. ફકત માળા લઈને બેઠાં છો. આપ લોકોના જીવનનો અધિકાંશ ભાગ માળાને સુપરત થઈ ગયો. બેટા ! માળા ઉપર હું ન્યોછાવર છું, માળા જપતાં જપતાં મારી આંગળીઓ ઘસાઈ ગઈ. હજી પણ આ બુઢાપામાં ચાર કલાક બેસી જાઉં છું. રાત્રે એક વાગે મારી માળા લઈને ચૂપચાપ બેસી જાઉં છું અને ચાર વાગયા સુધી, જ્યારે આપને આપની સૌથી પ્રિય ચીજ નીંદર પસંદ આવે છે, મને નીંદરથી પર શ્રેષ્ઠતમ માળા લાગે છે. માળાને હું છાતીએ લગાડું છું. માળાની હું ઇજ્જત કરું છું. માળા મારા રોમરોમમાં વસેલી છે. હું માળાને ગાળો આપું ? હું કાંઈ નાસ્તિક છું? હું કૉમ્યુનિસ્ટ છું ? હું કોણ છું ?

### માળા સાથે સેવા

હું તો આપને એ વાતનો અહેવાસ કરાવી દેવા માગું છું કે માળા ગમે તેવી ચમત્કારી કેમ ન હોય, જયાં સુધી આપ એમાં બીજી ચીજોની સહાયતા ઉત્પન્ન ન કરી દો , ત્યાં સુધી તે કોઈનું કામ કરશે નહી  કે આજ સુધી કોઈનું કામ તેણે કર્યું નથી. માળાની સાથે આપના જીવનમાં સેવા માટે પણ સ્થાન રહવું જોઈએ. આપે આપના સમયનો એક હિસ્સો ભગવાન માટે પણ લગાવવો જોઈએ. આપ આપના સમયનો એક હિસ્સો આપના માટે લગાવો, ઘરના લોકો માટે લગાવો. સાત કલાક સૂવો. આઠ કલાક નોકરી કરીને આપના બાળબચ્ચાંનું પેટ ભરો.

સાત અને આઠ કલાક મળીને પંદર કલાક થઈ ગયા. પાંચ કલાક આપ આપનાં અંગત કામો માટે રાખો. નહાવા – ધોવા, ખાવા -પીવામાં બે કલાક, ત્રણ કલાક ખર્ચી શકો છો, પરંતુ આપ ચોવીસ કલાકમાં ચાર કલાક ભગવાન માટે ખર્ચી શકો છો.

### સેવાની આવશ્યકતા અને તેનું સ્વરૂપ

જન-સાધારણની ગતિવિધિઓ અને ક્રિયાકલાપ ફકત પોતાના સુધી જ સીમિત રહે છે. સામાન્ય વ્યક્તિ પોતાનું સુખ અને હિત જોવાને જ પૂરતું સમજે છે. તે વિચારે છે કે પોતાના માટે પૂરતાં સાધન-સુવિધાઓ ભેગાં થઈ જાય, પોતાના મો સુખદાયક પરિસ્થિતિઓ હોય, એટલું જ પૂરતું છે. બાકી બીજા બધા ભલે ગમે તે સ્થિતિમાં પડયા રહે છે. આનું નામ સ્વાર્થપરતા છે. સ્વની સંકુચિત સીમામાં પડેલી વ્યક્તિઓની રીતિ-નીતિ આ પ્રકારની હોય છે. જ્યારે તેની સીમા વિસ્તરી જાય છે, વ્યક્તિ પોતાનાપણાનો વિકાસ કરે છે તો તેમાં બીજા માટે પણ કંઈક કરવાનો ઉમંગ ઊઠે છે અને વ્યક્તિ સેવા માર્ગ પર આગળ વધવા લાગે છે.

જીવન સાધનાથી જેમ જેમ આત્મિક ચેતનાનો વિકાસ થવા લાગે છે, તેટલા જ પ્રમાણમાં સેવાની તાલાવેલી જાગવા માંડે છે અને વ્યક્તિ પોતાની જ નહિ બધાંની સુખ-સુવિધાઓ અને હિત-અહિતની ચિંતા કરવા માંડે છે, તેનું ધ્યાન રાખવા લાગે છે. પરમાર્થ સાધનામાં લાગેલી વ્યક્તિઓને તેમાંથી પણ ઉત્કૃષ્ટ આનંદ અને આત્મ-સંતોષનો અનુભવ થાય છે, જેટલો સ્વાર્થપૂર્તિમાં લાગેલી વ્યક્તિઓને થાય છે.

પુણ્ય-પરમાર્થ, લોક-મંગલ, જન-કલ્યાણ, સમાજ હિત વગેરે સેવા સાધનાના જ પર્યાયો છે અને એમાં જ મનુષ્ય જીવનની સાર્થકતા છે. જે કોઈ વ્યક્તિએ આ પદ્ધતિથી જીવન સાથૃકતાનીસાધના કરી, મનુષ્ય અને સમાજનું સ્તર ઊંચું ઉઠાવવા માટે યોગદાન આપ્યું, સામાજિક સુખ-શાંતિમાં બાધક તત્વોને ઉખેડી નાંખવા માટે પ્રયત્ન કર્યા, તેમને સમાજે આંખ માથા પર બેસાડયા. મહાપુરુષ રૂપે આજે આપણે એ જ નરરત્નોને યાદ કરીએ છીએ અને વંદન કરીએ છીએ.

## સેવાની આવશ્યકતા અને તેનું સ્વરૂપ

માનવ સભ્યતા અને સંસ્કૃતિના વિકાસમાં સૌથી મોટી અડચણ છે વ્યક્તિ અને સમાજને ત્રાસ પહોંચાડનારી સમસ્યાઓ. આજે જયાં જોઈએ ત્યાં અભાવ, અસંતોષ, ચિંતા, ક્લેશ અને કલહની જ બહુલતા જોવા મળે છે. આમ તો છેલ્લાં પચાસ-સો વર્ષોમાં વૈજ્ઞાનિક પ્રગતિ એટલી તીવ્ર ગતિએ થઈ છે કે તેના થોડાક જ સમય પહેલાં તેની કલ્પના પણ કરી શકાતી ન હતી, જીવનને સહજ અને સુવિધામય બનાવવા માટે વિજ્ઞાને એક એકથી ચડિયાતાં ઉપાયો કર્યા છે અને એ સફળ પણ રહયા છે, પરંતુ તેનાથી નથી વ્યક્તિ સુખી થઈ, નથી સમાજમાં શાંતિ આવી. સુવિધાઓ વધારવા અને પીડાઓ દૂર કરવા માટે અનેકાનેક પ્રયાસ કરવામાં આવ્યા છે પણ તેનાથી સમસ્યાઓ ઓછી થવાના બદલે વધી જ છે. પહેલાં ક્યાંય દુકાળ પડતો હતો તો સો-બસો કિ.મી. દૂર રહેનારને પણ તેની ખબર પડતી ન હતી. પરિણામે થોડોક પણ વધારે વરસાદ થવાથી પાક ધોવાઈ જતાં એક વિસ્તારના લોકો ભૂખે મરી જતા તો બીજા વિસ્તારમાં અનાજની અધિકતા રહેતી. આજે દુનિયાના કોઈ પણ ખૂણામાં દુકાળ પડે છે તો વાહન વ્યવહારનાં એટલાં સાધનો વધી ગયાં છે કે બીજા ખૂણામાં તરત મદદ પહોંચાડી શકાય છે. એકબીજાનાં સુખ-દુઃખમાં મદદ કરવાની આવી વ્યવસ્થા થઈ જવા છતાંય લોકો સમસ્યાગ્રસ્ત અને સંકટગ્રસ્ત જોઈ શકાય છે, જો કહેવામાં આવે કે સમસ્યાઓ પહેલાં કરતાં અનેકગણી વધી ગઈ છે તો અતિશયોક્તિ નથી.

આજથી હજારો વર્ષ પહેલાંનો મનુષ્ય જેના વિશે કલ્પના પણ નહોતો કરી શકતો, એ સુવિધાઓ અને સાધન ઉપલબ્ધ હોવા છતાંય લોકો પોતાને પહેલાં કરતાં વધારે અભાવગ્રસ્ત, રોગી, ચિંતિત, એકાંકી, અસહાય અને સમસ્યાઓથી ઘેરાયેલા અનુભવ છે. ભૌતિક પ્રગતિ વધી જવાથી, સાધન સંપન્નતા પહેલાં કરતાં વધારે હોવાથી તો એ હોવું જોઈતું હતું કે આપણે સુખી અને સંતુષ્ટ રહેત, પરંતુ ગહન આત્મ-નિરીક્ષણ કરવાથી આ સમયગાળામાં આપણે પહેલાં કરતાં વધારે પતિત, પછાત અને બગડેલા જોવા મળીએ છીએ. શારીરિક, સ્વાસ્થ્ય, માનસિક સંતુલન, પારિવારિક સૌજન્ય, સામાજિક સદ્દભાવ, આર્થિક સંતોષ અને આંતરિક ઉલ્લાસનાં બધાં ક્ષેત્રોમાં

આપણું સ્તર નીચું ગયેલું છે. આ દૃષ્ટિએ આજની સુવિધા-સંપન્નતા અને પહેલાંના સમયની સુવિધા-સ્થિતિઓની સરખામણી કરવામાં આવે તો પણ એવું જ લાગે છે કે આ અસુવિધાથી ભરેલા સમયના નિવાસીઓ આજના આપણા લોકોની સરખામણીમાં અનેકગણા સુખી અને સંતુષ્ટ હતા, ત્યારની અને અત્યારની પરિસ્થિતિઓમાં સાધન-સુવિધાની દૃષ્ટિએ ભલે ને વિકાસ થયો હોય, પરંતુ સુખ-શાંતિની દૃષ્ટિએ આપણું પતન જ થયું છે.

આ પતનના નિરાકરણ માટે લોકસેવકોએ આગળ આવવું જોઈએ તથા સમસ્યાઓનાં મૂળ શોધીને તેને ઉખેડી નાંખવામાં પોતાની સેવા-સાધના શરૂ કરવી જોઈએ. પરિસ્થિતિઓના કારણે આ દીન-હીન દુર્દશા નથી થઈ, પરિસ્થિતિઓ તો પહેલાં કરતાં અત્યારે ક્યાંય વધારે સારી છે. વાસ્તવમાં આ પતન માટે આપણા આંતરિક સ્તરની વિકૃતિ જ જવાબદાર છે. વર્તમાન સમયમાં વ્યક્તિ અને સમાજમાં જે દુઃખ -દારિદ્રનાં કાળા વાદળાં ઘેરાઈ રહ્યાં છ, તેનું કારણ ભાવના સ્તરમાં અવાંછનીય વિકૃતિઓ આવી જવી એ જ છે. તેનું સમાધાન કરવું હોય, જયાં હતા ત્યાંથી પતન થવાનું જો નિરાકરણ કરવું હોય, તો અમુક સમસ્યાનું અમુક સમાધાનથી કામ નહિ ચાલે, પણ જયાંથી આ વિભીષિકા ઉત્પન્ન થાય છે, ત્યાંથી સુધારાની પ્રક્રિયા શરૂ કરવી પડશે.

આ સ્તરની સેવા દરેક વ્યક્તિ કરી શકતી નથી અને નથી આનાં તથ્યને જ સમજી શકતી. તેમ છતાં સેવાનો ઉમંગ હોય, તો તે બીજા રૂપે પણ કરી શકાય છે. જુદી જુદી રીતે સેવા-સાધના કરવામાં આવે છે અને કરવામાં આવવી જોઈએ. સાધારણ રીતે આ સેવાઓને (૧) જનજીવનની જટિલતાઓ ઉકેલવા, સુવિધાઓ વધારવા તથા (૨) પીડાનું નિવારણ કરવા રૂપે વિભાજિત કરી શકાય છે. જે લોકો જનજીવનની જટિલતાઓ અને ઉત્પીડનનું કારણ માનવીય સ્તરમાં આવેલી વિકૃતિઓ કે પતનને માને છે, તેઓ આ મહ્ત્વપૂર્ણ કાર્યમાં લાગેલા છે, પણ જેમને આ તથ્ય સારી રીતે સમજાતું નથી અને જે અસુવિધા તથા પીડાને જ મનુષ્ય સમાજની મુખ્ય સમસ્યા સમજે છે, તેઓ તે સ્તરની સેવામાં લાગે છે. એ સેવા પણ પ્રશંસનીય, વખાણવા લાયક છે. આજની વાત સમાપ્ત. ॐ શાતિ :